
ધી જ્યોર્જ ગુજરાતી પેંની સીરીઝ.

ગુચ્છ ૧

પુષ્પમાળા.

સાલ મુબારક.

સમ્રાટ મહારાણી



પંચમ જ્યોર્જ મેરી

ઑક્ટોબર—૧૯૧૪.

પ્રથમ પુષ્પ

અ[illegible] લીધે આ પુષ્પમાં ધાર્યાં પ્રમાણે ચિત્રો મુકી શકાયા નથી હવેથી દરેક પુષ્પ સુન્દર ચિત્રો સાથે બહાર પડશે.

દ્વિતિય પુષ્પ.

કાર્તિક અમાવાસ્યાને દિવસે બહાર પડશે.

આ પુષ્પ જોયાથી દરેક સાહિત્ય પ્રેમી બધુ જોઇ શકશે કે આ પુષ્પમાળા તદન હલકી કીંમતેજ બહાર પાડવામા આવે છે.

પત્રવ્યવહારનુ સરનામુ
"પુષ્પમાળા" ઓફીસ.
ગલેમંડી—સુરત.

નિવેદન.

ગુર્જર સાહિત્યને ખીલવનાર સુજ્ઞ બંધુઓ !

મરાઠી ભાષામાં આના જેવી અનેક માળાઓ નિયમિત રીતે પ્રસિદ્ધ થાય છે. આપણી ગુજરાતી ભ.ષામાં પણ તેનું અનુકરણ થયુ છે અને હાલ એક બે માળાઓ નીકળે છે પણ જનસમાજનો સાહિત્યશોખ જોતા એટલી માળાઓ પુરતી નથી. ગુર્જર સાહિત્યને ખીલવવાને અનેક પ્રયત્નો થાય છે તેમાં અમે અમારો નજીવો ફાળો આપીએ છીએ આશા છે કે સાહિત્યપ્રેમીઓ તેને પ્રેમપૂર્વક વધાવી લેશે. કેટલીક ઉતાવળને લીધે ધાર્યા પ્રમાણે સુંદર ચિત્રો વગેરે આપી શકાયા નથી તે આવતા પુષ્પમાં આપવામાં આવશે. હવે પછીનું પુષ્પ ઘણુંજ ચિત્તાકર્ષક નીકળશે માટે પહેલેથીજ નામ નોંધાવવા કૃપા કરવી. દરેક વખતે એક એકથી સુંદર વાર્તાઓ આવશે. દરેક પુષ્પ સુંદર કાગળ ઉપર આર્ટપેપરના પુઠા સાથે કાઢવામા આવશે તેમજ ચિત્રો પણ અતિશય આકર્ષક આવશે. દ્વિતિય પુષ્પમાં પણ રમણીય અને બોધક વાર્તાઓ આવશે. જેમ જેમ આ માળાનો વધુ ફેલાવો થતો જશે તેમ તેમ માળાના પુષ્પો કંઇ નવાજ

દેખાવમાં ખીલશે. આશા છે કે દરેક ગુર્જર બંધુ આ માળાનો ફેલાવો કરવા પોતાનાથી બનતો યત્ન કરશેજ. દરેક કાર્યમાં પુરતું ધ્યાન આપ્યુંજ છે છતાં પણ છેવટે મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે તે મુજબ કંઇ ભુલ હોય તો સુધારી વાંચવા કૃપા કરવી. છેવટે કૃપાળુ પરમાત્માની ઇચ્છાથીજ આ માળા બહાર પડી શકી છે માટે તેમનો ઉપકાર મની નીવેદન પૂર્ણ કરૂં છું.

લી૦ સેવક,

પ્રયોજક.

સ્તુતી.

મંગળાચરણ.

જયકૃષ્ણ બંસીધર કમળાપતિ........(૨).... ...ટેક.
વિજય કરતા, વિપદ હરતા અવનિ ધરતા....હો.
ઉરના હરે ઉચ્ચાટ સ્થીર વૃત્તિને કરે....જય.

સાખી.

મનહર મૂર્તિ મન વશી ધરતો પ્રેમે ધ્યાન,
ભવાબ્ધિથી તારવા સ્હાય કરો ભગવાન.
જશોદા નંદન, રિપુ નિકંદન, હે જગવંદન.. હો
વૃંદાવન રાસ રમ્યા ઉમંગભેર અની....જય.

સાખી.

રચના બહુ રળીયામણી કરી સકળ સંસાર,
ગહન ગતી અકળીતાથી કો નવ પામ્યા પાર.
શરણ ત્હારૂં, હૃદય ધારૂં .... પરમ કૃપાળુ ...હો.
માળા આ સ્વીકારી પ્રભુ કરશો સન્મતિ....જય.

શા. રમણ.

કુમુદિનીને !

ઓ સાહેલીરે (૨) સમજી કરીએ પ્રીત. (એ રાગ)

ઓ કુમુદિનીરે (૨) શશી સાથે તવ પ્રીત
હાં હાં અંગે ખીલીરે (૨) ધ્યાન ધરી ચીત નીત્ય
ધારીયુ તેં મન વિષે કે
નથ નિશા આવશે
આવશે- કદી ઢીલ થશે
રસ દેશો સુન્દીર કહાવશે
આકાશે પ્રિયતમ આવ્યા
કુમુદિને મન ભાવ્યા
શિતળતા સુન્દીર લાવ્યારે (૨)–શશી સાથે.

વીનોદ ગૃહ.
સુર્યપૂર.
}
શ્રીયુત વિશ્વવિહારી.

વન વિહંગિની.

૧

પ્રભાતનો આનંદમય સમય હતો. દિનકરનાં કોમળ લાલ કિરણો વૃક્ષોના અગ્ર ભાગના પાંદડાઓને સોનેરી રંગ ચઢાવી રહયા હતા જ્યાં જુઓ ત્યાં રમણીયતા જણાતી હતી. આ વખતે અરવલ્લી પહાડના મધ્ય ભાગના એક અરણ્યમાં એક તરૂણ રજપૂત કુમાર શિકારને માટે વાઘની શોધ કરતો હતો. તેની તેજસ્વી મુખમુદ્રા પર મુછનો દોરો ફુટવા માંડ્યો હતો. તેનું વય અઢાર વર્ષનું હતું. તેનું વિશાળ વૃક્ષસ્થળ, અધિકારયુક્ત મુખમંડળ અને તેજસ્વી નેત્રો જોઇને દરેકના મનમાં તેને માટે માન ઉત્પન્ન થયા સિવાય રહેતું નહિ

આ યુવનનું નામ પ્રતાપસિંહ છે. તેનું રાજ્ય નાનું પણ તેણે ઉંચ્ચ વંશમાં જન્મ લીધેલો હોવાથી રજપુત રાજાઓમાં તેનું પુષ્કળ માન હતું. તેના હાથમાં તીક્ષ્ણ ધારવાળો ભાલો હતો. કમ્મરે રત્નજડીત મુઠવાળી તરવાર લટકતી હતી. અરણ્યમાં તે પુષ્કળ ફર્યો પણ તેને વાઘની શોધ લાગી નહિ. છેવટે ફરતાં ફરતાં તેણે એક ઝાડીમાં

કંઇક ખખડાટ સાંભ઼ળ્યો. ત્યાં આગળ જઇ જોયું પણ સખત ઝાડીને લીધે તેને કઇ જણાયું નહિ તેણે પોતાની કટારવતી ઝાડી કાપીને અંદર જોયું તો વાઘ ઉંઘતો હતો. પ્રતાપસિંહે ભાલાંનો એક પ્રહાર કર્યો પણ તે તેને લાગ્યો નહિ. ઉંઘતો વાઘ જાગ્રત થયો. ઉઠતાની સાથેજ તે પ્રતાપસિંહ તરફ ધસ્યો. પ્રતાપસિંહે સાવધાનીથી તેનો ઘા ચુકવ્યો અને ફરીથી ભાલાનો ઘા કર્યો. આ વખતે પણ ભાલાએ દગો દીધો. રજપુત વીર ડર્યો નહિ. તે ધીમેથી ઝાડીની બહાર નીકળી ગયો અને પોતાની તરવાર બહાર કાઢી. તરવારનો પહેલો ઘા થતાંજ તે ક્રોધાંધ થયલું પશુ પ્રતાપસિંહ તરફ ઉન્મત્ત થઇને ધસ્યુ. પૂરી તરવાર ફેરવીને પ્રતાપસિંહે મારી પણ તે ફટકો ખાલી ગયો. હવે પ્રતાપસિંહ ખીજવાયો અને ફરીથી જોરથી તરવાર ફેરવીને મારવા જાય છે તેવીજ તરવાર હાથમાંથી છટકીને દુર જઇ પડી.

હવે પ્રતાપસિંહનો ઉત્સાહ નરમ પડયો. વાઘનો વિજય થાય છે એમ જોયું પણ તદન નિરૂત્સાહી બન્યો નહિ. વાઘે પ્રતાપસિંહને ફાડી નાખવા તેની ઉપર હુમલો કર્યો અને વાઘને મારવા પ્રતાપસિંહે પોતાનો ભાલો ઊંચો કર્યો. વાઘ પ્રતાપસિંહ ઉપર કુદે અને પ્રતાપસિંહ તેનો ભાલો મારે તે પહલા વાઘના શરીર પર ઓચીંતું તીર

પડયું. તે ભયંકર પશુ તરફડતુ જમીન ઉપર પડયું અને તરતજ પ્રાણ ત્યાગ કર્યો. પ્રતાપસિંહના આશ્ચર્યની સીમા રહી નહિ પોતાનો અણીને વખતે જીવ બચાવનાર કોણ હશે ! એ જાણવા જીજ્ઞાશા થઇ પણ અત્યંત શ્રમિત થયેલ હોવાથી પાસે પડેલી શીલા ઉપર બેઠો. પણ તેને શાંતી થઈ નહિ. " આ બાણ કોણે છોડયું હશે ? આવા પ્રસંગે બચાવ કરનાર કોણ હશે ? આવા આવા વિચાર કરતો તે પોતાને બચાવનારની શોધમાં નીકળ્યો.

આજુબાજુ જોતાં તે ઝાડી આગળ આવી પહોંચ્યો ત્યા તેણે એક વીર બાળાને હાથમાં ધનુષ્ય પકડીને ઉભેલી જોઈ. તેણે તરૂણપણાના દરવાજામા થોડોજ વખત થયા પ્રવેશ કર્યો હતો. તેનું સૌંદર્ય અનુપમ હતું. તેણીના હરીણ જેવા ચપળ નેત્રો પ્રતાપસિંહના નેત્રો સાથે મળતા તેણીએ શરમાઇને નીચે જોયું. અને ધીમે પગલે ત્યાંથી અદ્રશ્ય થઇ. પણ જતાં જતા તેણે બે ત્રણ વાર પાછુ વળીને જોયું.

રમણીએ બે કામ કર્યાં. તીરથી વાઘને વીંધ્યો. અને નેત્ર તીરથી પ્રતાપસિંહનુ હૃદય વીંધ્યું.

પ્રતાપસિંહનાં મનમાં તેણીનો શિકારી પોશાક અને તેજસ્વી મૂખ જોઇને અનેક વિચાર આવ્યાં. મારી સહાયને માટે શુ વનદેવી જાતેજ પધાર્યાં હતા કે અણીને વખતે

બચાવ કરવાને મહિષાસુરમર્દિની જાતેજ પ્રગટ થયા હતા ?

એ રજપુત કુમારી કોણ ?

(૨)

બપોરનો બે વાગ્યાનો સમય છે. વૈશાખ મહીનાનો પ્રખર તાપ પ્રતાપસિંહ અને તેના સૈન્યને ત્રાસ પમાડી રહયો હતો. તે ભયંકર અરણ્યમાં તેમને પાણી સુદ્ધાં મળ્યુ નહિ. તૃષાતુર સ્વાર અને ઘોડાઓ મૃગજળ જોઇ દોડતા પણ અંતે નિરાશ થતા અંતે સઘળાઓએ અરણ્યની પાછલી બાજુએ એક નાની સુંદર વાટીકા જોઈ. ત્યાં આગળ જઈને આરામ લેવાશે. એવી આશાથી સર્વ જોરથી ચાલવા લાગ્યા તે વાટીકામાં એક નિર્મળ પાણીનો કુવો હતો. અને બાગમાં એક ઝુપડી હતી. એક નાનું મૃગ બાલક્રિડા કરતું હતું. તે પર્ણકુટી તેમાં રહેતા એકાદ રૂષિની હશે એમ ધાર્યું. પ્રતાપસિંહે ત્યાં કોઇને કશો પણ ઉપદ્રવ કરવો નહિ એવી પોતાના સૈન્યને આજ્ઞ કરી. વ્રક્ષની છાયા તળે આરામ લ્યો તથા નિર્મળ જળ પીયો. પ્રતાપ-સિંહની આજ્ઞા પ્રમાણે સૈન્યએ એક મોટા વ્રક્ષ તળે પડાવ કર્યો સર્વે પોત પોતાની પાસેનું ભાથુ કાઢી ખાધુ તથા નિર્મળ જળ પી પોતાની ક્ષુધાને શાંત કરી.

તે પર્ણકુટીમાં ભાગ્યહીન અજીતસિંહ રહેતો હતો.

દાઉદખાને તેને રાજગઢમાંથી હાંકી કાઢયો હતો અને પોતે રાજગઢનો માલિક થઇ પડયો હતો. અજીતસિંહ વનવાસી હતો છતાં ગૃહસ્થાશ્રમીના રીત રીવાજ જાણતોં હતો. પ્રતાપસિંહ બહાર આવીને ઉતર્યો છે. એમ જાણતાંજ તેનો સત્કાર કરવા તે બહાર આવ્યો. પ્રતાપસિંહને કુશળ સમાચાંર પુછી તેને ઝુંપડીમાં તેડી ગયો અને તેને માટે ભોજનની વ્યવસ્થા કરી. અને પોતાના કોઠારમાંથી અનાજ કાઢી સૈન્યને માટે પણ ભોજનની વ્યવસ્થા કરી.

જે શુરવીર બાળાએ બપોરે પ્રતાપસિંહને વાઘના પંજામાંથી બચાવ્યો હતો તેણીનું નામ વનવિહંગિની હતુ. તેણી અજીતસિંહની પુત્રી હતી. આ વખતે પ્રતાપસિંહ અને અજીતસિંહને તેજ ભોજન પીરસતી હતી પ્રતાપસિંહના મનમા કૃતજ્ઞતા થઇ અને ઉપકારનો બદલો કેમ વાળવો તેના વિચારમાં પડયો. પ્રતાપસિંહે ફરી તેણીના મુખમંડળનુ અવલોકન કર્યું. પ્રતાપસિંહ અને વનવિહંગિનીનો દષ્ટીરાગ અજીતસિંહ સમજી ગયો તેના મનમાં પણ લાગ્યું કે વનવિહંગિનીને માટે પ્રતાપસિંહ કરતાં સારો પતિ મળવો મુશ્કેલ છે. જમ્યા પછી થોડીવાર આડી અવળી વાતચીત થઇ. પ્રતાપ-સિંહે પોતે કેવા સંકટમા સપડાયો હતો અને વનવિહંગિનીએ અણીનાં વખતે કેવો બહાદુરી ભર્યો બચાવ કર્યો હતો તે

અજીતસિંહને કહયું. પ્રતાપસિંહની વાત સાંભળી અજીત-સિંહને અત્યંત આનંદ થયો અજીતસિંહે કહયું " મારી પુત્રી અસલથીજ એવી છે અને યવનોના હાથમાંથી રાજ-ગઢ છોડાવવાની તેણે પ્રતિજ્ઞા લીધી છે."

પ્રતાપસિંહે પોતાનાથી બનતી દરેક મદદ રાજગઢ છોડાવવા માટે આપવાનું કહયું. વનવિહંગિનીના મનમાં પ્રતાપસિંહને માટે પ્રેમ ઉત્પન્ન થયો હતો પણ રાજગઢ છોડાવ્યા પછી પોતાની ઇચ્છા અજીતસિંહ આગળ પ્રગટ કરવી એમ તેને લાગ્યુ.

(૩)

ઉપરની હકીકતને નવ મહિના થઇ ગયા છે ઉપવનમાં વૃક્ષોએ લતારૂપી વિજયમાળાઓ પહેરી છે તથા પલ્લવોના આભુષણ સજ્યા છે. ઉપવનની અંદર સૌંદર્યે હવે નિવાસ કર્યો હોય એમ લાગતુ હતુ ઘણા દિવસથી મુનીવ્રત ધારણ કરી બેઠેલ કોકિલાએ પોતાના વ્રતનો ત્યાગ કર્યો. વૃક્ષલ-તાઓના કોમળ નવાજ ફુટેલા પાંદડાંઓ જનનયનોને મનોહર લાગતા હતા અને તેથી ઇર્ષાગ્નિમાં બળીને હરીયાળી સૂકાઈ ગઇ હતી. કોકિલના આનંદની સીમા નહોતી. એક ડાળી પરથી બીજી અને બીજી પરથી ત્રીજી પર ઉડતી હતી. પ્રાતઃકાળનો ઠંડો પવન શાંત રીતે ઉપવનના ફુલોની સુગંધ ચોરતો હતો. તેના પર કોઇ ગુસ્સે થતું નહોતું

ઉઘડતી મધૂર કળીઓ પોતાની પાંખડીઓ વિકસાવી પોતાની સુવાસનો ભંડાર લુટાવી દેતી હતી.

આ વખત રાજા અજીતસિંહ પોતાની પર્ણકુટિમાં બેસી ઈશ્વરસ્મર્ણ કરતો હતો. તેના માથા પર રાજમુગટને બદલે ભગવાન સૂર્યનારાયણ પોતાના સૂવર્ણમય કિરણો ઝળકાવતા હતા. ઇશ્વરસ્મર્ણ કરતાં કરતાં તેની નજર આગળ તેનો આગલો વૈભવ આવી ઉભો રહ્યો. રાજમહેલની અંદર સૌંદર્યની દેવીઓ સાથે વિલાસ કરવામાં તેનો ઘણો વખત ગયો હતો. એક વખત રાજપ્રાસાદમા સેંકડો દાસ-દાસીઓ હાજર રહેતા. પલંગ ઉપર કિનખાબની તળાઇઓ બીછાવી રખાતી. તેને માટે પુષ્પશય્યા તૈયાર કરવામા ઉત્સાહી દાસીઓ હરીફાઇ કરતી અને સુંદર રમણીઓ સેવા કરવા દેવાની આજ્ઞાની રાહ જોતી સમયનું ચક્ર ફરી ગયું. એક વખતના તે સુખી અજીતસિંહે તે સુખ સ્વપ્નમાંથી જાગ્રત થઇ જોયું તો સુંદર પલંગને બદલ પોતાનું ઘાસનું આસન જોયું અને તેના હૃદયમાં સખત આઘાત થયો. તેની આંખમાં અશ્રુબીંદુઓ ચળકવા લાગ્યા. વૈભવ ગયો. તારૂણ્ય ગયું. સત્તા ગઈ. પણ તે પોતાની વીરપૂત્રીને જોઇનેજ સંતોષ રાખતો કારણ કે તેને આશા હતી કે કોઇ વખત તે વીરરમણીના પ્રતાપથીજ તેને તેનું સર્વ પાછું મળશે. પ્રતાપસિંહ પર

તેની પુત્રીનો પ્રેમ બાઝયો હતો પણ તે તેને ભૂલી ગયલો જણાતો હતો. રાજગઢ છોડાવ્યા પછી લગ્ન કરવા એવો તેનો વિચાર હતો પણ પ્રતાપે કંઇ તૈયારી કરી નહોતી એ ઉપરથી લાગતુ હતું કે તે તેનું વચન ભૂલી ગયો હશે.

પણ જમાઇ સાહ્ય કરે તોજ તેને પુત્રી આપવી એ કેટલુ શરમભરેલું છે. નહિ. નહિ. પોતાની આપત્તીમાં પોતાની પ્રિય કન્યાના લગ્ન શા માટે અટકાવવા ? વળી વિચારમાળાનો મણકો ફર્યો. નહિ પ્રતાપસિંહ શુરો છે તેણે પોતાનું શુરત્વ બતાવવુંજ જોઇએ. આવા આપત્તીના સમયમાં હું લગ્ન કરનાર નથી.

અજીતસિંહનું મન આ સમયમાં લગ્ન કરવ ને ના કહેતું હતું પણ તેને શુ ખોટ હતી ?

કુદરતે તેને માટે સર્વ તૈયાર રાખ્યું હતું. તેની પુત્રીના લગ્નને માટે આકાશનો મહાન મંડપ તૈયાર હતો. નક્ષત્રોની હાંડી અને ઝુમ્મરો હતાં. સુર્ય અને ચંદ્ર તેને માટે અખંડ પ્રકાશ નાખ્યા કરતા હતા. આટલી આટલી સગવડો છતાં તેનું મન લગ્ન માટે કેમ ના કહેતું હતુ ?

અજીતસિંહ ઇશ્વિરસ્મર્ણ કરતો હતો ત્યારે તેના મનમા ઉપલા વિચારોની ભાગફોડ થતી હતી. એકાએક તેના વિચારોનો ભંગ થયો એક અનુચરે આવી કહ્યું

કે " મહારાજ, બહાર કોઇ આવ્યું છે તે આપને મળવાની ઇચ્છા રાખે છે." "તેડી લાવ." અજીતસિંહે કહ્યું અને અનુચર નમીને બહાર ગયો. તરતજ અજીતસિંહની પર્ણ-કુટિમાં યુસુફ નામના દૂતને દાખલ કરવામાં આવ્યો. મુસલમાની પોશાક જોઇને અજીતસિંહને પુષ્કળ ક્રોધ થયો. તોપણ બહારથી શાંતી બતાવી પૂછ્યુ "આપ કોણ છો?" "મહારાજ હું દાઉદખાનનો સેવક છું" યુસુફે નમીને ઉત્તર આપ્યો.

દાઉદખાનનું નામ સાંભળીને અજીતસિંહના રોમાંચ ખડા થયા. તેના નેત્રોમાંથી અગ્નિ નીકળવા લાગ્યો. નેત્રો ગુસ્સાથી એટલા લાલ થયા કે તેમથી રક્ત ઝરતું હોય એમ જણાવા લાગ્યું. વૃદ્ધ થયલું શરીર ક્રોધને લીધે થરથર ધ્રુજવા લાગ્યું. તેનો હાથ તરવાર પર જઈ પડયો પણ આત્મસંયમ કરી પૂછ્યુ "અહીં કેમ આવવું થયું છે?"

દૂતે વિનયથી જવાબ દીધો "મહારાજ હું એક પત્ર લાવ્યો છું" એમ કહીને તેણે એક મહોરબંધ લખોટો રાજાના હાથમાં આપ્યો. રાજાએ લખોટો ફોડી વાંચવા માડયો.

રાજા અજીતસિંહ,

મેં સાંભળ્યું છે કે તમે ઘણી દુઃખી સ્થીતીમાં છો. અને તમારી સુંદર પુત્રી વનવિહંગિની પણ તમારી સાથે ઘણુંજ કષ્ટ પામે છે માટે મારી ઇચ્છા તમને એ દુઃખમાંથી

મુકત કરવાની છે. તમારી સુંદર પુત્રીના રૂપગુણથી હું મોહીત થયો છું માટે આ પત્ર લાવનાર સાથે તેણીને જનાનામાં મોકલી આપો અને તમને તમારૂ રાજ્ય પાછું મળશે.

લી. દાઉદખાન.

અજીતસિંહે અતિ કૃષ્ટે તે પત્ર વાંચ્યો. તેનો ચહેરો ઉગ્ર થયો. નેત્રોમાંથી અગ્નિની જ્વાળાઓ બહાર નીકળવા લાગી. તેને પોતાની દુ:ખી સ્થીતીમાં આ અપમાન અસહ્ય લાગ્યું તેના મનમા વિચાર થયો કે પત્ર લાવનારને ઠાર કરવો પણ દુતને માર્યાથી ફાયદો શુ ?

(૪)

ઉપવનની અંદર હાથમાં પાણીની ઝારી લઇ વનવિહંગિની ન ના નાના છોડવાઓને પાણી પાતી હતી. તે નિર્જન પ્રદેશમાં તેણે બહુજ મુશીબતથી તે ઝાડો ઊગાડયા હતા. પોતાના વૃદ્ધ પિતાને પોતની તરફ આવતા જોઇ પાણી છાંટવાનું બધ કરી મધુર સ્વરથી પૂછ્યું “ પિતાજી કેમ ક્રોધમાં જણાવછો ? ”

“ આપણા ઉપર મહાન સકટ આવ્યું છે ” તેણીના હાથમાં પત્ર આપી અજીતસિંહે કહ્યું “ વાંચ અને કહે કે તારી શી સલાહ છે. કહે તો દૂતનો શિરચ્છેદ કરૂં ”

“ નહિ. નહિ. એમ કરશો નહિ. દૂતને માર્યાનું મહાન પાપ

છે." વનવિહંગિનીએ કહ્યુ. ' મેં પણ તેજ વિચારે તરવાર મ્યાનમાં મૂકી છે. દાઉદખાન બહુ જીદ્દી માણસ છે. તેનું કહેવું નહિ માનીશુ તો આપણો અને આપણા થોડા માણસોનો ભોગ આપવો પડશે." અજીતસિંહે કહ્યું.

"ત્યારે તેની પહેલાથીજ વ્યવસ્થા કરવી જોઇએ."

"શું વ્યવસ્થા કરીશું ?"

"પત્રનો જવાબજ ન આપીએ તો ?"

"તો શું ? કયાં તો પત્રનો સ્વીકાર અથવા મૃત્યુનો સ્વીકાર."

"પત્ર પ્રમાણે કબુલ છીએ એમ દૂતને કહો ' છેવટે વનવિહંગિનીએ કહ્યુ. જે દાઉદખાન મારો કટ્ટા શત્રુ છે. જેણે મારો સર્વ નાશ કર્યો છે તેની નિર્લજ મ ગણીનો મારી પૂત્રી સ્વીક ર કરે છે. અરે ! એથી શરમભરેલુ શું હોય ?

શું તેને વનમાં રહેવાનો કંટાળો આવ્યો છે ? વનવાસ છોડી રાજ્યસુખ ભોગવવાની ઇચ્છા થઇ છે ? નહિ. નહિ એમ કદી બનશેજ નહિ. હું મારે હાથેજ તેણીનો વધ કરીશ અને પછી આત્મભોગ આપીશ. અજીતસિંહ ક્રોધથી ધ્રુજવા લાગ્યો. વનવિહંગિની બોલી "મારા કહેવાથી આપને ગુસ્સો આવ્યો છે ? તર્કવિતર્ક ન કરો અને મેં કહ્યું તેમ દુતને

કહો. કાંઇ પણ ખોટો વિચાર મનમાં લાવશો નહિ. શાંત થાવ અને યાદ કરો કે હું એક રજપૂત કન્યા છું.

અજીતસિંહ શાંત થયો અને કહ્યું "પણ તે તો લખે છે કે વનવિહંગિનીને હમણાંજ મોકલો તેનું કેમ?

"તેને કહો કે તમારી માગણી કબુલ છે પણ એક મહિનામાં દાસદાસીઓ સાથે વનવિહંગિનીને મોકલી આપીશ. શાહી આજ્ઞાનું પાલન કરવું એજ મારૂં કર્તવ્ય છે."

"પણ એક મહીનામાં શું થશે?"

"તેનો વિચાર કરશો નહિ. મેં બરોબર વિચાર કર્યો છે. તેને બાણ માર્યા શિવાય પાછી આવનાર નથી. રજપૂત રમણીઓમાં કેટલું શૌર્ય હોય છે તેનો તેને આ વખત અનુભવ થશે."

"ઠીક ત્યારે તારા કહેવા પ્રમાણે કરૂં છું" એમ કહીને અજીતસિંહ દૂત પાસે આવ્યો અને વનવિહંગિનીએ કહ્યુ હતું તેમ કહયું. દૂતે પત્ર માંગ્યો ત્યારે તેણે એક પત્ર લખી વનવિહંગનીને બતાવી દૂતને આપ્યો દૂત ગયો. પછી વનવિહંગિની અને અજીતસિંહે કઇક મસલત કરી અને પછી તેણીએ પુરૂષવેષ ધારણ કર્યો અને ઘોડા પર બેસી સર્વ પ્રકાર પ્રતાપસિંહને કહેવા ચાલી ગઇ.

(૫)

દિવસના ચાર વાગી ગયા છે. ગરમી નરમ પડવા મંડી હતી. પક્ષીઓ ખોરાક શોધવા બહાર નીકળતા હતા. સાયંકાળ પાસે આવે છે એમ જાણી આપણા મુસાફરોએ ઘોડાને જલદી દોડાવવા માંડયા. આ વખતે આ પ્રવાસીઓનું ટોળું રાજગઢ તરફ જતુ હતું.

જલદી ચાલવાથી તેઓ પાંચ વાગે રાજગઢ પહોંચી ગયા. તેઓના પોશાક ઉપરથી તેઓ રજપૂત હતા એમ સ્પષ્ટ માલમ પડતું હતું. ટોળાંની અંદર એક તેજસ્વી મુખવાળો યુવાન ઘોડા પર બેઠો હતો તે તેઓનો સરદાર હોય એમ જણાતુ હતુ. તે ટોળાના રજપૂતોની સંખ્યા લગભગ સો, સવાસોની હતી. એક બલગાડીમાં લગ્નનો કિમતી સામાન ભર્યો હતો અને આજુબાજુ ખુલ્લી તરવારે સિપાઇઓ ચાલતા હતા. જનાનાની મુખ્ય સ્રીનો મ્યાનો તેની સાથેજ હતો. રાજગઢમાં પ્રવેશ કરતી વખતે મંગલ વાદ્યો વાગતા હતા. વાજાઓનો અવાજ રાજગઢ સુધી પહોંચી ગયો.

નવવધુની સ્વારી આવ્યાની વરદી આપવા એક રજપુત સ્વાર રાજગઢમાં ગયો. નવવધુની સ્વારી ધીમે ધીમે આગળ વધવા લાગી. પેલો રજપુત સ્વાર દરબારમાં આવી પહોંચ્યો.

તે શાહી દરબાર ઘણો શોભાયમાન લાગતો હતો. દરબારમાં સૌ પોતપોતાના મરતબા પ્રમાણે બેઠાં હતાં. બાદશાહી તખ્ત ઉપર દાઉદખાન બેઠો હતો. તેની વય સુમારે ત્રીસ વર્ષની લાગતી હતી. તે શરીરે નદન પાતળો પણ નહિ તેમજ જાડો પણ નહોતો. તેના ચહેરા ઉપર વૃદ્ધાવસ્થાના ચિન્હ જરા પણ દેખાતા નહોતા. તે જે સિંહાસનપર બેઠો હતો. તેની ઉપર રત્નજડીત છત્ર હતું. સિંહાસનની બન્ને બાજુએ વજીરો બેઠા હતા. રજપુત સ્વારે બાદશાહી રીત પ્રમાણે કુર્નિશ કરી. બાદશાહે પુછયું તું કોણ છે? અને કયાંથી આવ્યો છે? "જહાંપનાહ, હું રજપુત છું. અજીતસિંહની કન્યા હુજુરની ખીદમતમાં આવવાની વર્દી આપવા હું આવ્યો છું." રજપુત સ્વારે આવવાનું કારણ બતાવ્યું. દાઉદખાન આજ એક મહીનો થયાં વહિંગિનીની કાલ્પનિક મૂર્તિની પુજા કરતો હતો પણ તે ઉપર તેને સંતોષ નહતો. દુતના આવ્યાને આજ એકત્રીસ દીવસ થયા હતા. એટલે તે આતુરતાથી વનવિહંગિનીના આવવાની રાહ જોતો હતો. તેણીની સુંદર મુર્તિનું અવલોકન કરવાને તેના નેત્રો આતુર થઇ રહયા હતા તેજ વખતે આ સંદેશો! હવે બાકી શું? ખાનનો આનંદ ત્રીભુવનમાં પણ માતો નહોતો.

તે સિંહાસનપરથી નીચે ઉતરી બોલ્યો "વનવિહંગિની કયાં છે? કયાં સુધી આવી છે? તું તેને કયાં છોડીને

આવ્યો છે ?" "હુજુર, ને ઘણું કરીને કિલ્લાના દરવાજા સુધી આવી હશે. આ વાજાઓનો અવાજ સંભળાય છે તે તેની સ્વારીનો છે. કદાચ કિલ્લાની અંદર આવવાનો આપનો હુકમ નહિ હોય એમ જાણી સ્વારી બહાર ઉભી હશે." રજપુતે જવાબ આપ્યો.

વનવિહંગિની અને તેની સાથેના માણસોને બહાર ન રોકવાનો હુકમ કિલ્લેદારને કહાવ્યો તથા વનવિહંગિનીને લેવા માટે દરબારીઓને મોકલ્યા અને દરબાર બરખાસ્ત કરી ખાન વનવિહંગિનીને માટે જે મહેલ નક્કી કર્યો હતો તેમાં ગયો. ભોઇ લોકો મહેલ આગળ પાલખી મુકી ગયા; પછી તે પોતાની માશુકને તેડવા પાલખી આગળ ગયો અને પડદો ઉંચક્યો પણ અંદર કોણ જાણે શું હતું કે તે કમ્મરે બાંધેલી તરવારને બહાર કાઢવા લાગ્યો.

૬

એક પળમાં જુદોજ પ્રકાર બન્યો. અત્યાર સુધી દાઉદખાન વિલાસના આનંદદાયક વિચારોમાં લીન થયો હતો. પાલખીનો પડદો ઉંચકતાની સાથેજ એક વીર બાળા હાથમાં ધનુશ્ય બાણ સાથે બહાર નીકળી. તે બાળાએ બહાર નીકળી એક સીટી ફોડી એટલે એક નાનું રજપુત લશ્કર ત્યાં આવી પહોંચ્યું. પાલખીઓ તથા સામાન ઉંચકનારા ભોઇ લોકો પણ હથીઆર લઇ તૈયાર થઇ ગયા.

હજી હથીઆર ચાલુ થયા નહોતા. રજપૂત અને ભીલ્લ લશ્કરમાં દાઉદખાન સપડાયો હતો. સ્હેજવારમાં મુસલમાનોને ખબર પડતાં તેમનું સૈન્ય પણ સજ્જ થઇ ગયું. ખાને ગુસ્સાથી બૂમ પાડી "બાયલાઓ જોઇ શું રહ્યા છો? હથીઆર કાઢો." રજપૂતોએ પોતાને સજ્જડ બનાવ્યો છે એમ જાણી તેને બહુ ખોટું લાગ્યું. ખાન જેવો વિલાસી હતો તેવોજ શુરો પણ હતો. પોતાના અસાવધપણાથી આ પ્રસંગ આવ્યો છે તેથી તે જરાપણ ડર્યો નહિ. પોતાના સૈન્યને લઢવાનો હુકમ આપ્યો. બન્ને સૈન્યની ધમાચકડી શરૂ થઇ. ખાન પોતાની તલવાર એવી વીલક્ષણ રીતે ફેરવવા લાગ્યો કે તરતજ રજપુત સૈન્યમાં ભંગાણ પડ્યું. અને તે પોતાના સૈન્યને જઇ મળ્યો. તરતજ તેણે રણશીંગડુ વગડાવ્યુ એટલે કિલ્લામાંનું પુષ્કળ લશ્કર તે ઠેકાણે આવી પહોંચ્યુ. ખાન એક ઘોડાપર બેસી લશ્કરને ઊશ્કેરવા લાગ્યો. રજપુત સૈન્યને આ સર્વ જોઇ હસ્વું આવ્યું કારણ કે એટલા સૈન્યની કાપણી કરતાં તેમને અડધો કલાક પણ લાગવાનો નહોતો. મુસલમાનોનું અસાવધ સૈન્ય હવે ભીલ્લ અને રજપુત સૈન્ય પર તુટી પડ્યું રજપુતોએ પણ એટલા જોરથી હુમલો કર્યો કે તેમનો ઉત્સાહ નરમ પડી ગયો. વળી દાઉદખાને ગર્જના કરી લશ્કરને ઉત્સાહી બનાવ્યું. ખાન એકદમ ખીજવાયો અને "અલ્લાહો અકબર" બોલીને

તરવાર ચલાવવાની શરૂ કરી લઢાઇ રંગમાં આવી. રજપુત વીરો પણ ઉત્સાહમાં આવ્યા. વિજયની આશામાં તેઓ પણ જોરથી લઢવા લાગ્યા, એકકેક રજપુત દશ દશ યવન સિપાઇઓને માર્યા વગર રણમાં પડતો નહોતો.

એક રજપુત સ્વાર યવનોને કાપતો હતો તેની ચારે બાજુથી એક સરખો મારો ચાલતો હતો. તેણે પુષ્કળ યવનોને જમીનદોસ્ત કર્યા. પણ એકલો આદમી કેટલા જણુની સામે લઢી શકે? એક યવન સૈનીકે તેના અશ્વ પર પ્રહાર કરી તેનું માથું કાપી નાખ્યું. અશ્વનુ મૃત શરીર રણમાં નાચવા લાગ્યું. યવન સૈનીકો તે ચમત્કાર જોવા લઢવાનું છોડી દઇને ઉભા રહ્યા. પણ એક સૈનીકે તેના પગ કાપી નાખતા તે સ્વારસહ રણમાં પડયું આવી રીતે રજપુનોની સંખ્યા ઘણીજ ઓછી થઇ. રજપુતોની આવી અવસ્થા જોઇ યવનોને સ્વર્ગ બેજ વેંત ઉંચું જણાયું તેમણે મોટી ઊત્સુકતાથી રજપુતોની કતલ ચલાવી કિલ્લાનો મુખ્ય દરવાજો ખુલ્લોજ હતો. તોપોના અવાજની સાથે એક મોટી રજપુત ફોજ અંદર આવી. કિલ્લાનું તોપ ખાનું પહેલાથીજ અજીતસિંહના સૈન્યે કબજે કર્યું હતું. પ્રતાપસિંહની ફોજ તરતજ લઢાઇ હતી તે સ્થળે આવી પહોંચી. લઢી લઢીને થાકી ગયલા રજપુત સિપાઇ ઓને સહાય મળવાથી અપુર્વ આનંદ થયો. તેઓ વિશ્રાંતીની

અપેક્ષા સિવાય ફરી જોરથી લઢવા લાગ્યા. વનવિહંગિની ઘોડાપર બેસીને યુધ્ધનો દેખાવ જોતી હતી. તેનો પોશાક પુરૂષનો હોવાથી કોઇ તેને સ્ત્રી તરીકે પારખી શક્યું નહોતું તેણી બાજુપર ઉભી ઉભી પોતાના વિષમય બાણો ફેંકતી હતી. તેણે કેટલાક યવનોને યમસદનમાં પહોંચડી દીધા હતા. પ્રતાપસિંહે પણ પોતાનો પ્રતાપ બતાવ્યો. તેણે અદ્‌ભુત શૌર્યથી યવન સેનાને ચકિત કરી નાખી.

પ્રતાપસિંહે હવે દાઉદખાનની શોધ ચલાવી કારણ લઢાઇના હાથપગ રૂપ તે પોતેજ હતો. ઘણી વાર શોધ કર્યા પછી તેણે ખાનને શોધી કાઢયો આજુબાજુની યવન સેનાને કાપતો કાપતો તે ખાનની સામે આવી રહ્યો. ખાન પણ સાવધજ હતો બન્ને જણે તરવારથી લઢવાનું શરૂ કર્યું. બન્ને સૈન્યોએ લઢવાનું બંધ કરી તેમનું યુદ્ધ જોતા ઉભા રહ્યા. ખાન અને પ્રતાપસિંહ વચ્ચે પ્રખર યુદ્ધ ચાલ્યુ. ઓચિંતું ખાનના ઘોડા પર એક તીર આવી પડ્યું અને તેની સાથેજ ખાન અને ઘોડો રણભૂમિમાં પડયા. ખાનનુ માથું કાપવાને પ્રતાપસિંહે શમશેર ઉંચકી પણ યવન સેના પ્રસંગ ચેતી ગઇ અને ખાનને તેના હાથમાંથી બચાવી તેમણે તેની સાથે લઢવા માંડયું. પ્રતાપસિંહની તરવારથી કેટલાક યવનો મૃત્યુ પામ્યા પણ ખાન હાથમાં આવ્યો નહિ. પ્રતાપસિંહે જોયું કે ખાન હાથમાં આવતો નથી એટલે

તેણે યવન સૈન્યનો સંહાર કરવા માંડયો. પ્રતાપસિંહ રણોન્મત થયો હતો તે વખતે તેના પર ઓચીંતો કોઇએ પ્રહાર કર્યો. પ્રહાર એટલો સખત હતો કે તેની ગરદનમાંથી રૂધીર વહેવા લાગ્યુ. તે યવન સૈનિક બીજો ઘા કરવા આગળ આવ્યો પણ પ્રતાપસિહના એકજ પ્રહારથી તેણે રણભૂમિમાં શયન કર્યું. પ્રતાપસિંહના જખમમાંથી એક સરખો રકત પ્રવાહ ચાલુ હતો પણ તે વખતે તેને કશું જણાયુ નહિ દાઉદખાન તાજો થઇને પ્રતાપસિંહને શોધતો શોધતો ત્યાં આવી પહોંચ્યો. જખમમાંથી પુષ્કળ રૂધીર વહેવાથી પ્રતાપસિંહને કંઇક ગ્લાની આવી. હજારો વીરોને સ્વર્ગમાં મોકલનાર વીરની ગતી મંદ થઇ. પણ દાઉદખાનને સામુ જોતાંજ તે મંદપણું જતુ રહ્યુ. અત્યત જુસ્સાથી તે દાઉદખાનની સમે આવી ઉભો. દાઉદખાન તાજો હોવાથી આ વખત વિજયમાળા તેનેજ મળશે એમ લાગતું હતું પણ એટલામાં ફરી એક તીર આવ્યું અને ખાન જમીન પર પડયો. ફરીથી યવન સૈન્ય પહેલા પ્રમાણે ખાનને બચાવવાને ગયું પણ હવે રજપૂત સૈન્યએ તેમને અવકાશ આપ્યો નહિ. તેમણે ખાનને તરતજ બેડીઓ પહેરાવી દીધી.

ખાન પકડાયો એટલે યવન સેના રણમાંથી નાસવા લાગી. પ્રતાપસિહે નાસતા સૈન્યને જીવતા જવા દેવાનું પોતાના સૈન્યને ફરમાવ્યું. ધન્ય રજપુત ઉદારતા! યવન

સૈન્ય તુરતજ કિલ્લાની બહાર નાસી ગયું. અણીની વખતે પ્રતાપસિંહને બચાવવાને જે તીર આવ્યા હતા તે વનવિહંગિનીએ ફેંકયા હ ા. તે તથા અજીતસિંહ આવીને પ્રતાપસિંહને મળ્યા. ખાનને તેણીએ છોડાવ્યો તથા યોગ્ય આદરપુર્વક નાસી ન જાય એવી રીતે તેને રાખ્યો. શત્રુ પક્ષના આદમીઓને કિલ્લામાંથી બહાર કાઢી પ્રતાપસિંહે કિલ્લાના દરવાજા બંધ કરાવ્યા.

વીરબાળા વનવિહંગિનીનું પરાક્રમ જોઇને સઘળાના મનમાં તેને માટે માન ઉત્પન્ન થયું. આવું અનુપમ કન્યા રત્ન આપવા માટે અજીતસિંહે ઇશ્વરનો ઉપકાર માન્યો રાત પડવા આવી હતી એટલે ઘાયલ થયલાઓને જમાડી તેમને પાટા બાંધી સર્વે જણા જમ્યા. દાઉદખાને પોતાને જીવતો રાખવા માટે કૃતજ્ઞતા બતાવી અજીતસિંહ પાસે ક્ષમા માગી.

પ્રતાપસિંહનો જખમ વનવિહંગિનીએ જોયો. તેણીએ પોતાના હાથે તે જખમ પર પાટો બાંધ્યો. તેના જખમને રૂઝાતા દોઢ મહીનો લાગ્યો પણ વિજયના આંનંદમાં તેને જખમનું દુઃખ જરાપણ જણાયું નહિ.

સરૂં મુહુર્ત જોઇ અજીતસિંહે પોતાની કન્યાના

પ્રતાપસિંહ સાથે લગ્ન કર્યાં. વિવાહ સમારંભ મોટા ભપકાથી કરવામાં આવ્યો હતો.

વનવિહંગેનીને વીદાય કરતી વખતે અજીતસિંહને ઘણુંજ દુઃખ થયું. તેનો કંઠ ભરાઈ આવ્યો અને આંખોમાંથી અશ્રુધારા ચાલી. અજીતસિંહે પ્રતાપસિંહને કહ્યું "મહારાજા, વનવિહંગિની મારી એકની એક લાડકી પૂત્રી છે. તેની હું તમને સોંપણુ કરૂં છું. રાજકૂળમાં જન્મ લેવા છતાં તેનો ઘણો વખત વનમાંજ ગયો છે. તેના મહદ્ ભાગ્યથી તેણી તમારા જેવા સ્વામી મેળવવા પામી છે. વનમાં રહેવાથી અને ભીલોમાં ઉછરેલી હોવાથી તેને રાજ્ય વ્યવહારની બીલકુલ ખબર નથી. તેને શિકાર શિવાય બીજુ કશું આવડતું નથી. આપની સેવામાં કદાચ ભૂલ પડે તો મારી લાડકી કન્યા પર ક્રોધ ન કરશો." અજીતસિંહનો કંઠ ભરાઇ આવવાથી તેનાથી વધુ બોલી શકાયું નહિ. પિતૃવિયોગની કલ્પનાથી વનવિહંગિનીને પણ રડવું આવ્યું.

અજીતસિંહનું શાંત્વન કરી પ્રતાપસિંહ બોલ્યો "વનવિહંગિની પર ક્રોધ કરશો નહિ એમ કહેવાનું કશું કારણુજ નથી. તેણે મને ત્રણ વખત મૃત્યુના મુખમાંથી બચાવ્યો છે. જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી

હું તેને મારા પ્રાણુથી અધિક માનીશ. તેને જે પ્રમાણે સુખ થશે તે પ્રમાણે હું વર્તીશ."

પ્રતાપસિંહના શાંત્વનથી અજીતસિંહ શાંત થયો અને પોતાની કન્યાને પુષ્કળ ભેટો સાથે વિદાયગીરી આપી.



સમાપ્ત.

વિનોદ ગૃહ.
સૂર્યપૂર. } રા. ચંપકલાલ જી. જરીવાલા.

ચાલ દીકરા પુલપાડે.

નથ્થુ કાકા બગલમાં ચોપડા રાખી પુલપાડે ઉઘરાણી જતા હતા. તેમણે પોતાના ભત્રીજાને કહ્યુ " રણછોડ, ચાલ દીકરા પુલપાડે આવે છે કે ? " " વીલ કરીને તમેજ જાઓ હું ડાઘુને બોલાવી લાવુ છું " રણછોડે થડે પેટે જવાબ દીધો.

(કાકા રણછોડને ગાળો દેતા ઉઘરાણી ચાલ્યા ગયા)

દીલ—આરામ.

કાળ ચક્ર.

પંડિત રામકૃષ્ણ દિલ્હીવાવાળાએ કોલરની ખાણુમાંથી સુવર્ણ કાઢવાનું શરૂ કર્યું હતું. રામકૃષ્ણ સાડા પાંચ ફુટ ઉંચો અને રૂષ્ટ પુષ્ટ પુરૂષ હતો. તેના પિતા રાધાકૃષ્ણ અમૃતલાલની દિલ્લીમાં ત્રણ ભવ્ય ઇમારતો હતી અને એક પેઢી હતી. પરંતુ કોઇ કારણને લીધે તેનો વિચાર સ્વતંત્ર ધંધો કરવાનો હતો. કેલર જવાનો તેનો મૂળ હેતુ એકાદ સોનાની નાની ખાણ લઇને પોતાનો ઉદય કરવાનો હતો. ધીમે ધીમે તેણે પોતાનો વિચાર કેંપના માણસોને જણાવ્યો.

તેનું વિસ્તિર્ણ શરીર, પંજાબી ફેંટો, હાથમાં ઉત્તર હિંદમાંથી લીધેલ સુંદર જેષ્ટિકા, ભવ્ય મૂખ મૂદ્રા, અને માયાળુ સ્વભાવથી તે કેંપના માણસોનું પ્રિતિપત્ર થઈ થઈ પડયો હતો. કોઇક મજુર પણ પંડીતજીને રસ્તામાં

ચાલતા જોતો તો પ્રણામ કરતો અને થોડાજ સમયમાં તે સાધારણ મજુરથી તે કોલરની ખાણોના કમિશ્નર સુધી પ્રખ્યાત થઈ ગયો. સધ્યાકાળે તેમનો નોકર ગંગાદિન ભાંગ ઘુંટવાનો પ્રારંભ કરતો અને શેર દુધ સાકર કેસર વગેરેવાળી સ્વાદિષ્ટ ભાંગ પીને પંડીતજી પૂરવા જતા.

વ્યાપારી વર્ગમાં રશીદ નામના એક ઇરાની સાથે તેને મિત્રતા થઈ હતી. રશીદની એક કાપડની દુકાન હતી. સંધ્યાકાળે રોજ પંડીતજી તેની દુકાને જતા. રશીદની કાપડની દુકાન શિવાય એક **કાળચક્ર** નામે સોનાની ખાણુ હતી.

જેણે પ્રથમ એ ખાણુ લીધી તેને માલમ પડયું કે એ ખાણુમાંથી સોનું નીકળતું નથી ત્યારે તેણે એ વાત પ્રગટ ન કરતાં હજારેક રૂપિઆ ખોટ ખાઈ કોઇ ભાટીઆ ને વેચી. ભાટીઆ પાસેથી તે ખાણુ અન્ડરસનના હાથમાં ગઇ અને તેની પાસેથી **કાળચક્ર** રશીદના હાથમાં આવી.

આડો અવળો બધો મળીને ત્રણ ચાર હજાર રૂપિઆનો ખર્ચ રશીદજીને **કાળચક્ર** લેતાં થયો હતો. રશીદ ને ખાણુ ખોદાવવા પાછળ પુષ્કળ દ્રવ્ય ખરચ્યું પણ તેને જરાપણ સુવર્ણ મળ્યું નહિ દ્રવ્યવ્યય ઘણો થયો મહેનત ફોગટ ગઇ અને રશીદ કાયર કાયર થઇ ગયો તેણે મનમાં એન્ડરસનને શ્રાપ આપ્યો પણ હવે વૃથા હતું. ખાણુમાં

સુવર્ણ નહતું એમ પ્રગટ કરવામાં પણ લાભ ન હતો કાર-ણકે તેમ થાય તો ચાર હજાર રૂપીઆની ખાણના કોઇ બસો પણ ન આપે. પણ પંડીતજી આવ્યા પછી તેના મન માં આશાના અંકુર ફૂટયા.

ઘણા દિવસથી રશીદને કોઇ સોનાની ખાણ માટે પુછ વાનો પંડીતજીનો વિચાર હતો. આજે પંડીતજી તે માટેજ આવ્યા હતા ખાણ માટે તેમણે રશીદને આવતાની સાથેજ પુછ્યુ. ખાણ મળે તો ઠીક છે નહિતો દીલ્હી જવાનો પંડીતજીનો વિચાર છે એમ રશીદ સમજી ગયો. રશીદ ની પોતાની માલીકીની ખાણ છે એમ પંડીતજી જાણતા નહોતા.

હવે રશીદે ધૈર્યનો ત્યાગ કર્યો ત્વરાથી એ વાતનો તોડ કાઢવાનો તેણે નિશ્ચય કર્યો. રશીદની દુકાનમાં પંડીતજી માટે હુકકાની ખાસ વ્યવસ્થા કરી હતી. નોકર હુકકો તૈયાર કરી લાવતાંજ પંડીતજીએ મોં આગળ ધરીને ખુબ જોરથી ગુડગુડ અવાજ સહ ધુમ્ર કાઢવાનો પ્રારંભ કર્યો. રશીદે પણ જાડી ચીરૂટ કાઢીને પીવા માંડી. પછી તેણે પંડીતજીને પુછ્યું "ત્યારે એક સોનાની ખાણ લેવાનો તમારો નિશ્ચય છે કેની ?

" હજી તેમાં તમને શંકા છે ? પંડીતજીએ સામો પ્રશ્ન કર્યો.

" પંડીતજી એક ખાણ છે. પણ તે લેવાનો સકળ વ્યવહાર ગુપ્ત રહેવો જોઇએ કારણ કે ઘણા જણ તે ખાણ લેવા તૈયાર છે. તે મારા એક મિત્રની છે. અને તેની કીમ્મત પણ મોટી છે " રશીદે ખાણનો ઇતિહાસ કહયો.

" કેટલીક ? પંડીતજીએ અધિરાઇથી પુછયું.

ખાણનું ઉત્પન્ન જોતાં કંઇ વધારે નથી. માત્ર વીસ હજાર રૂપિઆ " રશીદે કહયું.

" અબબ ! વીસ હજાર ! ઘણીજ ભારે કીમ્મત ! પંડીતજી આશ્ચર્યથી બોલ્યા.

" ખાણમાંથી દરરોજ પચાસ તોલા સોનું નીકળે છે. તમે જલદીથી શ્રીમાન થઇ જશો માટે આ અવસર ગુમાવવા જેવો નથી. " રશીદે જવાબ આપ્યો.

પંડીતજી થોડો વાર વિચાર કરી બોલ્યા " પણ તેને ખરીદના પુર્વે એકવાર ખોદવી પડશે. ?

"હા. હા. આપણે પ્રભાતમાંજ ત્યાં જઈ ખોદાવીશુ પછી કાંઈ ?

"ઠીક છે" એમ કહી પંડીતજી ગૃહે સીધાવ્યા.

પંડીતજી ગયા પછી તરતજ રશીદ કોઇ સુવર્ણની ખાણના માલીક પાસે જઈ થોડું અશુદ્ધ સુવર્ણ લાવ્યો અને પોતાની ખાણમાં અમુક જગાએ ખાડાઓ

કચાવી તેમાં દાટયું અને તે ખાડાઓ ઉપર સ્હેજ સ્હેજ ચાકનો ભુકો નાંખી નિશાની કરી.

બીજે દિવસે પ્રભાતમાંજ પંડીતજી આવ્યા અને અન્ને ઉલ્લાસ સહ ખાણમાં ગયા. પંડીતજી ખાણ લેવાના ઉત્સાહમાં જોરથી ચાલવા લાગ્યા પણ બિચારો રશીદ ખાણ વેચાશે કે નહિ એ વિચારમાં જલદી ચાલી શકતો નહિ.

કંપની પાસેજ બધી ખાણો આવેલી હતી. તેઓ ખાણ આગળ આવી પહોંચ્યા.

કાળચક્ર પણ ત્યાંજ હતી. તેઓ ખાણ આગળ આવી પહોંચ્યા વાર ઉઘાડી. રશીદ અને પંડીતજી અંદર ગયા અને દ્વાર બંધ કર્યું. ખાણના કાર્યને માટે એક ખાસ તૈયાર કરેલો નવીન જાતનો દિપક રશીદે આણ્યો હતો. તે સળગાવ્યો. તેઓ ધીમે ધીમે અંદર ઉતર્યા પછી રશીદે પડીંતજીને ચારે બાજુએ ફેરવ્યા અને ખાણ બતાવી પછી કહયું " તમારે ખાણમાં કેટલી માટી છે. તે જોવું છે ને? લ્યો પેલી કોદાળી અને ખોદી જુઓ.

પંડીતજી હાથમાં કોદાળી લઇ બોલ્યા " કયે સ્થળે ખોદવાનું છે. ? "

નિશાનિ જોઇ રશીદ બોલ્યો "આપના પગ આગળ થી શરૂ કરો."

પંડીતજીએ તરતજ શરૂ કર્યું. થોડી વારમાં પુષ્કળ માડી ખોદી નાખી માટીમાં કંઈ ચકચકીત માલમ પડતા રશીદે થોભવાનું કહ્યું અને તે માટીને એક રૂમાલમાં બાંધી રશીદ અને પંડીતજી ઊપર આવ્યા અને દરવાજો બંધ કરી ઘેર ગયા.

ઘેર જઇને રશીદે પંડીતજીના દેખતાજ પેલી માટીને સ્નાનગૃહની કુંડીમાં મુકી અને તે કુડી નળ આગળ મુકી નળ છોડયો. પંડીતજીએ રશીદના કામને આશ્ચર્ય સાથે જોયું,

થોડીવારે માટી વાળું પાણી કાઢી નાખી ફરી સ્વચ્છ પાણી રેડયું અને સ્વચ્છ સોનું પંડીતને બતાવ્યું પછી કોરા કકડામાં તે સુવર્ણ રજને લઇ લીધી અને દુકાનમાં જઇ તેનું તોલ કર્યું તો સાત તોલા થઇ. થોડુંજ ખોદવાથી આટલું બધું સુવર્ણ મળ્યું એ જોઇ પંડીતજીને પુષ્કળ હર્ષ થયો.

"બસ. બસ. રશીદજી હવે એ ખાણ મનેજ અપાવો."

"ખાણતો મળશે પણ પૈસા રોકડા આપવા પડશે તેમજ મારૂં કમીશન પણ તુરતજ મળવું જોઇએ" રશીદ હોઠ કરડી બોલ્યો.

'તમારી મહેનત ફોગટ જશે નહિ. કાલે સવારેજ હું કીમ્મત તથા કમીશનનો ચેક લખી આપીશ. હવે સંતોષ થયો " પંડીતજીએ ખાણુ લેવાના ઉત્સાહમાં કહયું.

" ઘણું સારૂં " રશીદે જવાબ આપ્યો.

બીજે દિવસે સવારે એક ચેક લખી પંડીતજીએ **કાળચક્ર** પોતાના નામ પર રજીસ્ટ્રર કરાવી. રશીદે પણ ચેક વટાવી નેશનલ બેંકમાં જમે કરાવ્યો. પડીતજીએ પણ **કાળચક્ર**ની સામેજ પોતાને રહેવાનો તંબુ ઠોકાવ્યો.

કોલર કંપના કમીશ્નર એક દિવસ સહેજ **કાળચક્ર** તરફ આવ્યા અને પંડીતજીને દ્વાર આગળ જોઇને બોલ્યા " કાં પંડીતજી તમે **કાળચક્ર** લીધી કે શું ?

" હાજી હવેથી હું **કાળચક્ર**નો માલીક થયો. પંડીતજીએ સગર્વ જવાબ આપ્યો.

'કેમ તમે **કાળચક્ર** વેચાતી લીધી ? કેટલે લીધી?" કમિશ્નરે પુછયું.

" વીસ હજાર રૂપિએ સાહેબ " પંડીતજી બોલ્યા.

" પંડીતજી તમે મુર્ખતા કરી ? એ શું કર્યું ?

" મેં **કાળચક્ર** પુર્ણ વિચાર કરીનેજ લીધી છે." પંડીતજીએ પ્રત્યુત્તર આપ્યો.

કમિશ્નર સાહેબ ચાલતા થયા. બીજેજ દીવસે **કાળચક્ર**ના દરવાજા પર નીચેનું બોર્ડ જોવામાં આવ્યું

કાળ ચક્ર.

માલિકઃ-પંડીત રામકૃષ્ણ રાધાકૃષ્ણ
દિલ્લીવાળા.

પરવાનગી વગર અંદર આવવું નહિ.

એક માસમાં પંડીતજીનો રોફ પૂરી ગયો. જુનાને બદલે નવો તંબુ આવ્યો. એક અસલ અરબી અશ્વ અને કોરી કરકરતી નવી ડોકકાર્ટ આવી. નોકર ચાકર રાખ્યા અને પંડીતજીની સ્વારી હવે પૂર્વની પેઠે પગે ચાલતી જતી નહતી સધ્યાકાળને સમયે એક સુંદર પોશાક પરિધાન કરેલ કોચમીનવાળી ડોકકાર્ટમાં બેશી પંડીતજીની સ્વારી ચાબુકના કડ્ કડ અવાજ સહ જવા લાગી. કોલર કેંપના મનુષ્યો આથી અત્યત આશ્ચર્ય ચકિત થવા લાગ્યા કારણકે **કાળ ચક્ર** જેની પાસે આવતી તે તેને પોતાની પાસે રાખનો નહી એ સુપ્રસિદ્ધ હતું અને પંડીતજીનો તો રોફ વધવા લાગ્યો હતો. **કાળચક્રમાથી** પંડીતજીને સુવર્ણનો કાંઈક ગુપ્ત જથો હાથ લાગી ગયો એમ સર્વ ધારવા લાગ્યા. રશીદે એમ ધાર્યું હતું કે **કાળચક્રમાંથી** કાંઇ જડતુ નથી એમ જાણી પંડીતજી કેલર ત્યજી ચાલ્યા જશે અને અપણને કાળચક્ર પૂરીથી આઠ રૂપીયે મળશે

અને પુનઃપડીતજી જેવા કોઇ મૂર્ખને ફસાવીશું. પણ પંડીતજીનો રોપ જોતાં તેના ડોળાં ચઢી ગયા કાળચક્ર વેચવામાં પોતે મૂર્ખ બન્યો છે એમતેને લાગ્યું. પંડીતજી સર્વાંગે સુવર્ણની ચીજો ધારણ કરી ફરતા પંડીતજીનો નોકર પણ ગળામાં સુવર્ણની કંઠી નાખીને ફરતો કાળચક્રે પંડીતજીને તાર્યા એમ સર્વ સમજવા લાગ્યા. આ સર્વ ભપકો એક વખત જાતે જોવાને રશીદ સાઇકલપર બેસી કાળચક્ર આગળ આવ્યો. નોકરને રજા લેવા અંદર મોકલ્યો અને પોતે પંડીતજીની સાહ્યબી ઉપર વીચાર કરતો બહાર ઉભો રહયો.

એક બાજુ ઉપર તબેલામાં પાણીદાર રૂપ્ટ પુષ્ટ અરબ્બી અશ્વ ઉભો હતો અને થોડાજ સમય ઉપર કલકત્તાથી નવી મંગાવેલ ડોકકાર્ડને એક નોકર વોરનીશ લગાડી ચળકતી બનાવતો હતો. બીજી બાજુ ઉપર માટી વાળા સુવર્ણને સાફ કરવાની એક વિશાળ કુંડી જોઇને રશીદ આશ્ચર્ય પામ્યો. રશીદ આ સર્વ જોતો હતો એટલામાં પરવાનગી લઇ નોકર બહાર આવ્યો અને રશીદને તંબુમાં તેડી જઈ મખમલ જડેલી એક સુંદર ખુરશી પર બેસવાનું કહ્યું. પંડીતજીને આવતાં વાર હતી એટલે રશીદ આજુ બાજુની ચીજોનું નિરીક્ષણ કરવા લાગ્યો. જરીનું શેલું એક ગાલીચા પર અસ્ત વ્યસ્ત પડયું હતું તેને જોઈ રશીદ

મનમંજ બોલ્યો કે શું પંડીતજીની સંપત્તી એટલી બધી વધી ગઇ છે કે આવા મૂલ્યવાન વસ્ત્રની પણ સંભાળ લેવાતી નથી ? રશીદ આમ વિચાર કરતો હતો એટલામાં પંડીતજી તંબુમાં આવ્યા અને આનંદથી બોલ્યા "સલામ! રશીદજી કેમ આનંદમાં તો છોને ? આ સર્વ તમારાંજ પ્રતાપ છે. શું કરૂં પુષ્કળ કામને લીધે મળવા અવાયું નહોતું. " એવામાં એક નોકર સફેદ કપડામાં સુવર્ણ રજ ભરીને આવ્યો. પંડીતજીએ તેનું વજન કર્યું તો ૨૫૦ તોલા થઇ. " શું ફક્ત ૨૫૦ તોલાજ રજ આજે નીકળીછે ? તમે લોકો કાળજી પુર્વક કામ કરતા નથી. કાલથી બરોબર કામ નહિ કરશો તો તમો સર્વને રજા આપી દઇશ. પંડીતજી નોકર તરફ જોઇ બોલ્યા. પછી પંડીતજીએ ત્રીજોરી ઉઘાડી પેલી થેલી અંદર મૂકી રશીદે બાડી આંખે જોયું તો તેને જણાયું કે ત્રીજોરીમાં તેના જેવી પુષ્કળ થેલીઓ હતી રશીદ ઘણો આશ્ચર્ય ચકિત થઇ ગયો. પડીતજીને ૨૫૦૦૦ રૂપિયામાં કાળચક્ર આપી તેનો તેને પશ્ચાતાપ થવા લાગ્યો. થોડો વાર્તા લાપ કરી તે ખીન્ન અતઃકરણે ઘેર ગયો કાળચક્ર પડીતજીને કેટલે સસ્તે પડી એ વિષે વિચાર કરતાં તેને અતિશય સંતાપ થયો. પછી રશીદે રોજ ખાણમાં જવાનો નિયમ રાખ્યો તો તેને તે દિવસની માપ્રકજ બલકે તેના કરતા કંઇક વિશેષ જણાવા લાગ્યુ.

રવિવારનો દિવસ છે. રશીદ સાઇકલપર બેસી કાળચક્ર આગળ આવ્યો તો તેને રોજ કરતાં કંઇક જુદોજ દેખાવ દ્રષ્ટિગોચર થયો. હંમેશની પ્રસન્ન મુખમુદ્રાવાળા પંડીતજી ખુરશીપર બેસી શ્રાવણ ભાદરવાની પેઠે નેત્રોમાંથી અશ્રુ પાડતા હતા. પાસેજ તેને આશ્વાસન આપતો એક અનુચર ખિન્ન મુખમુદ્રાએ બેઠેલો હતો. રશીદને પંડીતજીના કલ્પાંત ઉપરથી માલમ પડયું કે તેમની નવયૌવના, સ્વરૂપવાન સહધર્મચારીણી મૃત્યુ પામી હતી અને તેની ખબર આજેજ પંડીતજીને તારથી પડી હતી. પંડીતજીની સ્થતી આવી દુઃખદ થઇ પડી હતી. રશીદ પણ થોડો વખત બેસી ઘેર ચાલ્યો ગયો.

બીજે દિવસે પ્રભાતમાં પંડીતજીનો એક નોકર રશીદને તેડવા આવ્યો. રશીદ કાળચક્રમાં આવી પહોંચતાજ પંડીતજીએ શોકાતુર અવાજથી કહ્યું "રશીદ! મારાપર દુઃખનો ડુંગર તુટી પડયો છે તે તું જાણેછે. કાળચક્ર, તંબુ, ઇત્યાદી સર્વ વેચી ચાલ્યો જવાનો છું માટે કોઈ રોકડ કીંમતે ખરીદનાર શોધી કાઢો હું તમારો ઉપકાર નહિ ભુલું."

રશીદને આ વાત સાંભળી અત્યંત આનંદ થયો. તે બોલ્યો " જો હું જાતેજ લઉ તો શું કીંમત પડશે? "

" ફ્કત બે લાખ રૂપિઆ. " પંડીતજી બોલ્યા.

"બે લાખ રૂપિઆ? પડીતજી તમે શુદ્ધીમા છો કે નહિ? મે જાતજ તમને પચીસ હજાર રૂપિએ વેચી હતી એ યાદ છે કે નહિ" રશીદ આશ્ચર્યથી બોલી ઉઠયો. ના તે હું ભુલ્યો નથી. મે જ્યારે લીધી ત્યારે તમે કહ્યું હતુ કે રોજ પચાસ તોલા સુવર્ણ નીકળે છે પણ હાલતો તેમાંથી પ્રતીદીન પાંચસે તોલા સુવર્ણ નીકળે છે તે જરા લક્ષમાં લો" પંડીતજીએ જવાબ આપ્યો.

"ઠીક છે. હું એક લાખ અને પચોતેર હજાર રૂપિઆ આપીશ છે કબુલ?"

"ભલે તમે પણ મારા મિત્રજ છો કેની? કબુલ છે" પંડીતજીએ સાટું નકકી કર્યું. રશીદે પોતાની ત્રીજોરીમાંથી રૂપિઆ અને નોટોનો એક જથ્થો લીધો અને કાળચક્રમાં આવી પંડીતજીને સોપ્યા. પડીતજીએ સર્વ ચીજનો હક રશીદને લખી આપ્યો અને તેજ દીવસે રાત્રે કોલરનો ત્યાગ કર્યો.

બીજે દિવસે સવારે કોલર કેપના લોકો આશ્ચર્યમા ગરકાવ થઇ ગયા કારણકે કાળચક્રના દરવાજાપર પંડીતજીના બોર્ડને બદલે નીચેનું બોર્ડ માલમ પડયુ.

કાળચક્ર

માલીક નાગદર રશીદ ઈરાનો

રજાશિવાય અંદર આવવું નહિ.

પ્રભાતમાંજ બાર મજુર લઈ રશીદ કાળચક્રમા ગયો અને માટી ખોદાવવા માંડી. સંધ્યાકાળ પર્યંત મજુરોએ સખત મહેનત કરી અને માટીના વિશાળ ઢગલાઓ થયા. પણ તેમાંથી સ્હેજ પણ સુવર્ણ નીકળ્યું નહિ બધો વૃતાંત ખબર પડતાં રશીદે કપાળ કુટયુ અને કાળચક્ર બોલતો જમીનપર પડયો. તરતજ તેને હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યો ત્યાં તે ત્રણ દિવસે સાવધ થયો પડીતજીએ તેને ફસાવ્યો એમ તેને લાગ્યુ "કરણી તેવી પારઉતરણી" એમ બોલી કપાલ કુટી રશીદ ભાગ્યને દોષ દેવા લાગ્યો. થોડા દિવસમા પંડીતજીના નોકર તરફથી ખબર મળીકે તેમણે કોઇ વેપારી પાસેથી પાંચસો તોલા સુવર્ણ વેચાતુ લીધું હતું. "મિત્ર દ્રોહનું ફળ ! હાયે કાળચક્ર !

રશીદ બોલ્યો. બાકીનું સર્વ વેચીને રશીદે પણ કોલરનો ત્યાગ કર્યો. હાલ મુંબઈમાં રશીદ કાપડના એક પ્રમાણીક વેપારી તરીકે ઓળખાય છે.

રા. નટવર એમ. વીમાવાળા.

સમાપ્ત.

હવે પછીના પુષ્પમાં એક રસમય ડીટેકટીવ વાર્તા

વસન્ત.

શ્રાવ્ય, નુતન, સરસ સુગન્ધ ભૂમિને, આ માલતી મોગરા,
ધોળાએ નભ શુભ કૌમુદી થકી ને શોભતા તારલા,
ઉદ્યાને અલિ પુંજ ગુંજ સરના બે વાયુ બહે- ભર્યાં,
જાણું એ પ્રતીતિ વસન્ત રમવા આવે સખી કોકીલા

ગાન પક્ષીગણનું વિવિધ સુરથી ગાતી કુંજ ભમે
આલાપ તરૂણી તરંગ તરવા મંજુ સ્વરે રમે
જો વ્હો શિશુતા અહીં તહીં અનીલે પાવનના વારણા,
જાણું એ પ્રતીતિ વસન્ત રમવા આવે સખી કોકીલા

શ્રીયુત વિહારી.

છપાવી પ્રસિદ્ધ કરનાર—ઇશ્વરલાલ જેકીશનદાસ.
પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણુ ગલેમંડી–સુરત
સુરત ભાગાતળાવ રોડ પર આવેલા ધી "રાહેર" પ્રીન્ટીંગ પ્રેસમા
રતિલાલ દુલભદાસે છાપ્યુ